**DATE: 29/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં દારૂ સાથે મહિલા સહિત બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં નવી નગરીમાં રહેતી જયા વસાવા બહારથી વિદેશી દારૂ મંગાવી તેનું વેચાણ કરતી હોવાની બાતમી મળતાં એ ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો. જેમાં તેને દારૂનો જથ્થો આપવા આવેલાં અને મુળ યુપીના અને હાલ ટાંકી ફળિયામાં રહેતાં અબ્દુલ રસીદ ખાનને ઝડપી લેવાયો હતો. પોલીસે બંનેની 48 નંગ દારૂના પાઉચ સાથે ધરપકડ કરવામાં આવી છે. મહિલા બુટલેગર સહિત બંને આરોપી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 30/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### લોક અદાલતની જન જાગૃતિ માટે સ્ટોલ રખાયો

# શુક્લતીર્થ મેળાનો આજે અંતિમ દિવસ, ભારે ભીડ થવાની શક્યતા



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના શુક્લતીર્થ ગામે કાર્તકી પુનમથી દેવદિવાળી સુધીનો પાંચ દિવસનો ભાતિગળ મેળો યોજાય છે. ત્યારે મેળામાં રાજ્યભરમાંથી લોકો ઉમટતાં હોઈ વધુ ત્રણ દિવસ લંબાવાતો હોય છે. ત્યારે આ વર્ષે પણ મેળાને 30મી નવેમ્બર સુધી લંબાવામાં આવ્યો હતો. મેળામાં અત્યાર સુધીમાં 6થી 7 લાખ કરતાં પણ વધુ લોકો આવ્યાં હોવાનું અનુમાન ગ્રામ પંચાયત દ્વારા લગાવાઈ રહ્યું છે.ત્યારે ગુરૂવારે મેળાના અંતિમ દિવસે મોટી સંખ્યામાં લોકો ઉમટે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ મેળામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો. જેથી કે મેળામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. અરસામાં આગામી 9મી ડિસેમ્બરના રોજ જિલ્લા કક્ષાની લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હોઈ શુક્લતીર્થના મેળામાં લોક અદાલત અંગે લોક જાગૃતિ આવે તે માટેનો ખાસ સ્ટોલ ઉભો કરાયો હતો. જેમાં લોકોને તમામ કાયદાકિય સલાહ સુચનો આપવામાં આવી રહ્યા છે.

**DATE: 30/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પેરોલ ફર્લો સ્કવોડ તેમની તલાશમાં હતી

# રાણીપુરા મારામારી કેસમાં ફરાર 5 આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના રાણીપુરા ગામે મારામારી કર્યા બાદ નાસતા ફરતાં પાંચ આરોપીને ઝડપી પાડી પોલીસે જેલભેગા કરી દીધાં છે. ઝઘડિયા પોલીસ મથકના નાસતા ફરતા પાંચ આરોપીઓને પેરોલ ફ્લો સ્કોડે ઝડપી લીધા છે. ઝડપાયેલાં આરોપીઓ રાણીપુરા ગામની માનવ સ્કુલ પાસે થયેલી મારામારીમાં સંડોવાયેલાં હતાં. પીઆઇ રાણા તથા પેરોલ ફ્લો સ્કોડ ની ટીમ સાથે ફરાર કેદી તથા નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા માટે અલગ અલગ સ્થળે વોચ ગોઠવી હતી. ઝઘડિયાના રાણીપુરા ગામે થયેલી મારામારીમાં સંડોવાયેલાં અનિલ વસાવા, રોહન વસાવા, અમિત વસાવા, હિતેશ વસાવા અને જયદીપ પટેલને ઝડપી લેવાયાં હતાં. આ પાંચેય આરોપી રાણીપુરાની માનવ સ્કુલ પાસે મારામારી કર્યા બાદ પોલીસને ચકમો આપી નાસતા ફરતાં હતાં. તમામ આરોપીને આગળની તપાસ માટે ઝગડિયા પોલીસને હવાલે કરાયાં છે.

**DATE: 30/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે થેલામાં દારૂની ખેપ મારતાં પોલીસના હાથ લાગ્યો

# ભરૂચનો બૂટલેગર વાલિયામાં દારૂની ૧૦ બોટલ સાથે ઝબ્બે, એક વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

વાલિયાના મીરાપુર ગામ પાસેથી પોલીસે ભરૂચના બુટલેગરને ઝડપી પાડયો હતો. બુટલેગર વાલિયામાં દારૂ લેવા માટે આવ્યો હતો કે આપવા માટે તેની તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપી પાસેથી દારુની ૧૦ બોટલ કબજે કરવામાં આવી છે.

વાલિયા પોલીસે મીરાપુર ગામના પાટિયા પાસેથી ભરૂચના બુટલેગરને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. દિવાળી બાદ હવે નાતાલ અને થર્ટી ફર્સ્ટ આવી રહી છે ત્યારે બુટલેગરો દારૂનો જથ્થો ઘુસાડવા સક્રિય બની ગયાં છે. વાલિયા પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી તે સમયે બાતમી મળી હતી કે, મીરાપુર ગામ પાસે એક બુટલેગર દારૂની હેરાફેરી કરી રહયો છે તેથી પોલીસે વોચ ગોઠવી હતી. મૂળ ડહેલી ગામના તળાવ ફળિયાનો અને હાલ ભરૂચના સોનેરી મહેલ વિસ્તારમાં આવેલ મિલેનિયમ માર્કેટ પાસે રહેતો સંજુકુમાર રામધ્યાન વસાવાને ઝડપી પાડ્યો હતો જ્યારે વાડી ફળિયાના બુટલેગર રાજૂ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો છે. દિવાળીના તહેવારો પહેલાંથી પોલીસે બુટલેગરો સામે તવાઇ બોલાવી છે અને એક મહિનામાં પ્રોહિબિશનના અનેક કેસ કરવામાં આવ્યાં છે. જેના કારણે બુટલેગરોમાં હાલ ફફડાટ ફેલાયો છે.

**DATE: 30/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

# અંકલેશ્વરમાં વાહન ચોરી ગુનામાં સંડોવાયેલ આરોપીની અટકાયત

**અંકલેશ્વર**

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકના વાહન ચોરી ગુનામાં સંડોવાયેલ આરોપીની છોટાઉદેપુર સબ જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. મધ્ય પ્રદેશના અલીરાજપૂર જીલ્લાના ઉતાવડી ગામના બેડી ફળિયામાં રહેતો રાજુ વધાજી ઉર્ફે વાઘલીયાને છોટા ઉદેપુર જિલ્લા પોલીસે વાહન ચોરીના ગુનામાં ઝડપી પાડી પાડ્યો હતો અને તેને છોટા ઉદેપુર સબ જેલમાં મોકલી આપ્યો હતો. આ આરોપી અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકના વાહન ચોરીના ગુનામાં પણ નાસ્તો ફરતો હૉય જેની અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 01/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મુખ્ય સૂત્રધારને ઝડપી પાડવા તજવીજ શરૂ

# ભરૂચમાં ખેલીઓ માટે આંકડા લખતો શખ્સ આખરે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે વેળાં પીએસઆઇ એમ. એલ. સૈયદને ચોક્કસ બાતમી ના આધારે લીમડીચોક વાઘરીવાડ પાસે ઉભા રહી મોબાઇલમાં કાંઇક કરી રહેલાં વિશાલ વસાવાંને ઝડપી પાડી તેના હાથમાનો મોબાઇલ લઇ તપાસ કરતાં તેના મોબાઇલની ગેલેરીમાં વરલી મટકાવાળી ચિઠ્ઠીઓના ફોટા જોવા મળ્યાં હતાં. તેમજ મોબાઇલમાં એક સોશિયલ મિડીયા એપમાં થયેલી એક ચેટીંગની તપાસ કરતાં એસઓ નામની સેવ કરેલાં નંબર પર મેસેજમાં વિવિધ આંકડા લગેલાં જણાયાં હતાં. જે અંગે પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, તે નંબર સોએબ બરફવાલા (રહે. ડુંગાજી સ્કૂલ પાસે) નામના શખ્સનો છે. અને તે તેના માટે જ આંકડા લખે છે અને તે આંકડા તે તેને સોશિયલ મિડીયા એપ થકી મોકલાવે છે. આરોપીની અટકાયત કરી બીજાને ફરાર જાહેર કરાયો છે.

**DATE: 01/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ફૂલવાડી અને ગુંડેચા ગામના ખેપિયા ફરાર

# ઝઘડિયા તાલુકામાં બે સ્થળેથી રૂા. ૧૩ હજારનો દારૂ ઝડપાયો

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના બે અલગઅલગ સ્થળોએથી ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સહિત કુલ રૂ.૧૩૭૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લીધો હતો.

ઝઘડિયા પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે ફુલવાડી ગામ નજીક એક કંપની પાસે ઝાડી ઝાંખરામાં પડાલ ગામના ચેતન વસાવાએ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે રેઈડ કરતા ત્યાંથી દારૂની રૂ.૩૬૦૦ ની કિંમતની કુલ ૩૬ બોટલો મળી આવી હતી. પોલીસની રેઈડ જોઈને સદર ઈસમ નાસી ગયો હતો. પોલીસે દારૂનો આ જથ્થો ઝડપી લઈને ચેતન રામસીંગ વસાવા રહે.પડાલ તા. ઝઘડિયાના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે દારૂ ઝડપાવાની બીજી ઘટનામાં રાજપારડી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમી મુજબ ગુંડેચા બસ સ્ટેન્ડ નજીકથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ તેમજ એક મોબાઈલ મળી કુલ રૂ.૧૦૧૦૦નો મુદ્દામાલ ઝડપી લઈને અજય નવલસીંગ વસાવા રહે.ગામ ગુંડેચાના વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 02/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### રોકડ રકમ, ત્રણ મોબાઈલ, ત્રણ મોટરસાઈકલ જપ્ત કરી

# અંકલેશ્વરના સજોદ ગામે જુગાર રમતા સાત ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વર તાલુકા ના સજોદ ગામના વીનવાળી ફળીયા માં રૂરલ પોલીસે જુગાર રમતા સાત જુગારીયાઓ ને ઝડપી પાડી રોકડા રૂપિયા ,ત્રણ મોબાઈલ અને ત્રણ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૮૬ હજાર ઉપરાંત નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે,

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર રૂરલ પોલીસ ની ટીમ ને પેટ્રોલિંગ દરમ્યાન સજોદ ગામે જુગાર અંગે ની મળેલી માહિતી ના આધારે વનવાળી ફળીયા માં રેડ કરતા જુગાર રમતા ગોમાન મેલા વસાવા ,નરેશ ધનજી વસાવા ,બાબુ મનસુખ કથીરિયા, હર્ષદ ઈન્દ્રવદન પટેલ ,કમલેશ મનહર વસાવા, સંજય સુરેશ વસાવા અને મહેન્દ્ર બુધા વસાવા ને ઝડપી પાડયા હતા.

રૂરલ પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા ૨૦ હજાર ,૬ હજારના ત્રણ નંગ મોબાઈલ અને ૬૦ હજારની ત્રણ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૮૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધીવધુ તપાસ હાથ ધરી છે .

**DATE: 02/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ભરૂચ- અંકલેશ્વરમાં પોસ્ટર્સ લગાવાયાં

# પોલીસ કે ટીઆરબી જવાનોએ લાંચ લીધી તો હવે આવી બનશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પોલીસ વર્તણુક વિરુદ્ધ ફરિયાદ કરાવી હોય તો ડાયલ કરો. ખુદ પોલીસ દ્વારા જ સ્ટીકર વાહનો પર ચોંટાડી જાહેરાત કરાઈ રહી છે. કોઈપણ પોલીસ કર્મચારી કે ટીઆરબીનો જવાન લાંચની માંગણી કરે તો ફરિયાદ કરવા માટે હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે.

જિલ્લા પોલીસ બેડામાંઆંતરિક બદલી બાદ એસ.પી દ્વારા હવે સ્ટીકર અભિયાન શરુ કર્યું છે.ટ્રાફિક પોલીસ અને પોલીસ જવાનો દ્વારા જાહેર માર્ગો પર ફરતી રીક્ષા ,તોફાન તેમજ અન્ય પેસેન્જર વાહનો પર સ્ટીકર લગાડવામાંઆવી રહ્યા છે. કોલ નાઉના નેજા હેઠળ પોલીસ વર્તણુક વિરુદ્ધ ફરિયાદ કરાવી હોય તો ડાયલ કરો 100/102 નંબર અને પોલીસ ની મદદ મેળવો તેમજ કોઈપણ પોલીસ કર્મચારી કે ટી.આર. બી જવાન લાંચ ની માંગણી કરે તો 1064 નંબર ડાયલ કરવાનો રહેશે.

**DATE: 03/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝુબેર નગર વિસ્તારમાં પોલીસની તપાસ

# અંકલેશ્વરમાં 555 કિલો ભંગાર સાથે 2 વેપારીઓની અટકાયત

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

અંકલેશ્વરના રાજપીપળા રોડ વિસ્તારમાં આવેલાં ઝુબેરનગર પાસેની બે દુકાનમાં પોલીસે દરોડો પાડી ભંગારનો શંકાસ્પદ જથ્થો ઝડપી પાડયો છે. 92 હજારનો મુદ્દામાલ જપ્ત કરી બંને દુકાનદારોની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

ઝુબેરનગર પાસે 2 દુકાનોમાંથી શંકાસ્પદ જૂની એસ.એસ.ની સાપ્ટીંગ અને લોખંડના ચક્કર સહિતનો ભંગાર શંકાસ્પદ હાલતમાં હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી પોલીસે દરોડો પાડયો હતો જેમાં બંને દુકાનમાં તપાસ કરી અજય ગુર્જર અને રાજનસિંગ ગુર્જરની પૂછપરછ કરી હતી પણ બંને ભંગારનો જથ્થો કયાંથી લાવ્યાં તેનો યોગ્ય જવાબ ન આપી શકતાં તેમની અટકાયત કરવામાં આવી હતી. એક ગોડાઉનમાંથી440 કિલો ભંગાર નો જથ્થો તેમજ બીજી દુકાન માંથી 115 કિલો જથ્થો મળી કુલ 555 કિલો શંકાસ્પદ જથ્થો મળી પોલીસે 92 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ બંને ની પૂછપરછ શરુ કરી હતી.

**DATE: 03/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પોલીસની કુનેહથી ઘીના ઠામમાં ઘી ઢોળાયું

# અંકલેશ્વરના ગોયાબજારમાં નવું મંદિર બનાવી અપાયું

**ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર**

અંકલેશ્વરના ગોયાબજારમાં વડના વૃક્ષ નીચે નાના મંદિરમાં બે દિવસ પહેલાં સુતળી બોંબનો પ્રચંડ વિસ્ફોટ થયો હતો. ઘટના બાદ હિંદુ સમાજની લાગણી દુભાઇ હતી જેથી લોકટોળા ભેગા થઇ ગયાં હતાં. પોલીસે સીસીટીવીની તપાસ કરતાં બે ટાબરિયા મંદિરમાં બોંબ ફોડતા જોવા મળ્યાં હતાં. બંને સગીર હોવાથી પોલીસે સમજદારીથી બાજી સંભાળી હતી. આગેવાનો તથા ટાબરિયાઓના વાલીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં સંગઠનોની માગ પ્રમાણે પરિવારે માફી માગી હતી અને નવું મંદિર બનાવી આપ્યું હતું. આજે રવિવારના રોજ મંદિરમાં ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે.